હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીનું પાક્ષિક વૃત્તપત્ર

ઉદીચ્ય

સળંગ અંક : ૮૯૨, વર્ષ : ૩૭, અંક : ૨૧
૦૧-નવેમ્બર, ૨૦૨૬

HNGU
HEMCHANDRACHARYA NORTH GUJARAT UNIVERSITY, PATAN
Re-Accredited "B" 2.21 CGPA by NAAC

સૌજન્ય : શ્રી સિદ્ધહેમ પ્રકાશન નિધિ : શ્રી ભોગીલાલ લહેરચંદ કૌટુંબિક ટ્રસ્ટ તથા શ્રી પાટણ જૈનમંડળ, મુંબઈ

* મારી એક જ ઇચ્છા છે કે ભારત એક ઉત્પાદક રાષ્ટ્ર બને અને દેશમાં કોઇ ભૂખ્યું ન રહે, તથા ખોરાક માટે કોઇ આંસુ ન વહાવે.
* જે કામ કાલે કરવાનું છે, એની ચિંતામાં આજનું કામ બગડી જશે અને આજના કામ વિના આવતીકાલનું કામ થશે નહીં, માટે આજનું કામ કરો તો આવતીકાલનું કામ આપોઆપ થઇ જશે.

સરદાર વલ્લભભાઈ પટેલ

આદિવચન

પ્રિય વાચક મિત્રો,



સરદાર વલ્લભભાઈ પટેલ ભારતની આઝાદીની લડતના અગ્રણી નેતા, મહાન રાજનીતિજ્ઞ અને સ્વતંત્ર ભારતના પ્રથમ ગૃહમંત્રી તથા ઉપપ્રધાનમંત્રી હતા. દેશને એકતાના તાંતણે બાંધવામાં અને ભારતના ભૌગોલિક એકીકરણમાં તેમનું યોગદાન અજોડ છે. પોતાના દૃઢ મનોબળ, સાહસ અને નિર્ણાયક નેતૃત્વને કારણે તેઓ સમગ્ર દેશમાં 'ભારતના લોખંડી પુરુષ' (Iron Man of India) તરીકે ઓળખાય છે.

આણંદ જિલ્લાના કરમસદના વતની ઝવેરભાઈ પટેલ અને લાડબાના પુત્ર વલ્લભભાઈ પટેલનો જન્મ ૩૧ ઓક્ટોબર ૧૮૭૫ના રોજ ગુજરાતના નડિયાદમાં થયો હતો. બાળપણથી જ વલ્લભભાઈ નીડર, સાહસિક અને સ્વભિમાની સ્વભાવના હતા. પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ પૂર્ણ કર્યા બાદ તેમણે પોતાની મહેનતથી વકીલાતનો અભ્યાસ ઈંગ્લેન્ડ જઈને પૂર્ણ કર્યો અને બેરિસ્ટર બન્યા. મહાત્મા ગાંધીજીના વિચારોથી પ્રભાવિત થઈને વલ્લભભાઈ પટેલે વકીલાત છોડી દેશસેવાના માર્ગે ચાલવાનો નિર્ણય કર્યો. તેમણે ગુજરાતમાં ખેડા સત્યાગ્રહ, બોરસદ સત્યાગ્રહ અને ૧૯૨૮ના બારડોલી સત્યાગ્રહમાં વિશેષ પ્રભુત્વ રહેલું. બારડોલી સત્યાગ્રહ દરમિયાન ખેડૂતો પર નાખવામાં આવેલા અન્યાયી કરવેરા સામે તેમણે લડત આપીને અંગ્રેજ સરકારને ઝુકવા મજબૂર કરી હતી. આ સત્યાગ્રહની ઐતિહાસિક સફળતા બાદ બારડોલીની મહિલાઓ અને ગાંધીજીએ તેમને 'સરદાર'નું બિરુદ આપ્યું હતું. ત્યારથી તેઓ સમગ્ર દેશમાં ''સરદાર પટેલ'' તરીકે જાણીતા બન્યા હતા.

૧૫ ઓગસ્ટ ૧૯૪૭ના રોજ ભારત આઝાદ થયું ત્યારે દેશ સામે સૌથી મોટો પડકાર ૫૬૨ જેટલા દેશી રજવાડાંઓનું ભારતીય સંઘમાં વિલીનીકરણ કરવાનો હતો. બ્રિટિશ સરકારે રજવાડાંઓને ભારત કે પાકિસ્તાનમાં જોડાવા અથવા સ્વતંત્ર રહેવાની છૂટ આપી હતી, જે દેશની એકતા માટે મોટો ખતરો હતો. સ્વતંત્ર ભારતના પ્રથમ ગૃહમંત્રી તરીકે સરદાર પટેલે પોતાની અદ્‌ભૂત રાજદ્વારી કુનેહ, દ્રઢ સંકલ્પ અને વહીવટી ક્ષમતાનો પરિચય આપ્યો. તેમણે મોટાભાગના રજવાડાંઓને સમજાવટથી ભારત સંઘમાં જોડી દીધા. જૂનાગઢ, હૈદરાબાદ અને જમ્મુ-કાશ્મીર જેવા જટિલ રાજ્યોની સમસ્યાઓને પણ તેમણે અત્યંત કુશળતા અને મક્કમતાથી ઉકેલી. આ રીતે તેમણે ભારતના નકશાને એકચક્રીય રૂપ આપી 'અખંડ ભારત'નું સ્વપ્ન સાકાર કર્યું હતું. સરદાર પટેલના આ મહાન યોગદાનની સ્મૃતિમાં ગુજરાતમાં નર્મદા નદીના કિનારે કેવડિયા ખાતે તેમની ૧૮૨ મીટર ઊંચી પ્રતિમા 'સ્ટેચ્યુ ઓફ યુનિટી' (Statue of Unity) નું નિર્માણ કરવામાં આવ્યું છે, જે વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા છે. દર વર્ષે તેમની જન્મજયંતિ ૩૧ ઓક્ટોબરને સમગ્ર દેશમાં 'રાષ્ટ્રીય એકતા દિવસ' (National Unity Day) તરીકે ઉજવવામાં આવે છે. ૧૫ ડિસેમ્બર ૧૯૫૦ના રોજ મુંબઈ ખાતે આ મહાન રાષ્ટ્રનાયકનું અવસાન થયું. મરણોત્તર તેમને ભારતનો સર્વોચ્ચ નાગરિક પુરસ્કાર 'ભારત રત્ન' એનાયત કરવામાં આવ્યો હતો.

સરદાર વલ્લભભાઈ પટેલ માત્ર એક રાજનેતા નહોતા, પરંતુ આધુનિક ભારતના શિલ્પી હતા. દેશની એકતા, અખંડિતતા અને સ્વભિમાન માટે તેમણે આપેલો ભોગ અને બલિદાન દેશવાસીઓ માટે સદા પ્રેરણાદાયી રહેશે. તેમનું જીવન આપણને સંદેશ આપે છે કે દેશહિતથી મોટું કોઈ હિત હોઈ શકે નહીં.

તા. ૦૧-૧૧-૨૦૨૬
પાટણ.

પ્રો. ડૉ. કિશોરકુમાર પોરિયા
કુલપતિ

યુનિવર્સિટી ન્યુઝ

૫૩મો નેશનલ સેમિનાર ઓન ક્રિસ્ટલોગ્રાફી એન્ડ ડ્રગ ડિઝાઈન















હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ ખાતે તા. ૧૩થી ૧૫ ઓક્ટોબર, ૨૦૨૬ દરમિયાન ''૫૩મો નેશનલ સેમિનાર ઓન ક્રિસ્ટલોગ્રાફી એન્ડ ડ્રગ ડિઝાઈન'' (53rd National Seminar on Crystallography and Drug Design) યોજાઈ ગયો. આ રાષ્ટ્રીય કક્ષાના સેમિનારમાં મુખ્ય અતિથિ વિશેષ તરીકે ગુજરાત સરકારના GSBTM ના મિશન ડાયરેક્ટર શ્રી દિગ્વિજયસિંહ જાડેજા (IAS), કાર્યક્રમના મુખ્ય વક્તા તરીકે ઓલ ઈન્ડિયા ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સ (AIIMS), નવી દિલ્હીના પ્રોફેસર ટી. પી. સિંહ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે યુનિવર્સિટીના કુલપતિ પ્રોફેસર કે. સી. પોરિયા, શિક્ષણ કમિશનર શ્રી દિલીપ રાણા, KCG ના ડૉ. યોગેશ યાદવ તેમજ યુનિવર્સિટીના રજિસ્ટ્રાર ડૉ. આર. એન. દેસાઈની ગરિમામય ઉપસ્થિતિ રહી હતી. આ સેમિનારના કન્વીનર પ્રિન્સિપાલ જગદીશ પ્રજાપતિ અને ઓર્ગેનાઇઝિંગ સેક્રેટરી ડૉ. દર્શન વ્યાસના માર્ગદર્શન હેઠળ સમગ્ર આયોજન સુચારૂ રીતે સંપન્ન થયું હતું. સમગ્ર દેશમાંથી ૨૩૦થી વધુ સંશોધકો ક્રિસ્ટલોગ્રાફી સેમિનારમાં જોડાયા હતા અને જ્ઞાનનું આદાન–પ્રદાન થયું હતું.

શ્રી દિગ્વિજયસિંહ જાડેજા એ પોતાના ઉદ્‌બોધનમાં ગુજરાત સરકાર દ્વારા આ વર્ષે બજેટમાં પાટણ ખાતે વિમેન ટેકનોલોજી સેન્ટરની જાહેરાત કરવામાં આવી હતી, જે અંતર્ગત પાટણના રિજનલ સાયન્સ સેન્ટરમાં આ સેન્ટર બનાવવામાં આવશે અને પાટણ યુનિવર્સિટી સાથે એમ.ઓ.યુ. (MoU) કરવામાં આવ્યા હતા. આ યોજનાથી આ વિસ્તારની મહિલાઓ અને દીકરીઓ મહત્તમ લાભ મેળવી શકશે અને યુનિવર્સિટીના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થીઓને તાલીમ તથા પ્રમાણપત્રો આપવામાં આવશે, તેવું જણાવ્યું હતું.

પ્રોફેસર કે. સી. પોરિયાએ પ્રાસંગિક વક્તવ્યમાં દેશભરમાંથી પધારેલા આમંત્રિત વક્તાઓને આવકારી તેમના જ્ઞાનનો લાભ નાનામાં નાના વ્યક્તિ સુધી પહોંચે તેવા હેતુથી સેમિનાર આયોજિત કરવામાં આવ્યો છે. પાટણમાં બનનાર વિમેન ટેકનોલોજી સેન્ટર અને સાયન્સ સેન્ટરની પ્રયોગશાળા દ્વારા આપણી દીકરીઓ 3D ટેકનોલોજી, 3D મોડેલિંગ અને VLSI ડિઝાઇનિંગ જેવી અદ્યતન












ટેકનોલોજીનું જ્ઞાન મેળવી શકશે તેવું ભાર પૂર્વક જણાવ્યું હતું.

પ્રોફેસર ટી. પી. સિંહ દ્વારા જણાવેલ કે પ્રોટીનની રચના સમજવી, બાઇન્ડિંગ સાઇટની વિગતો મેળવવી અને ત્યારબાદ અણુઓની ડિઝાઇનિંગ તથા તેનું ટેસ્ટિંગ કરીને વધુ સારી ડ્રગ્સ (દવાઓ) બનાવવી એ આ વિષયનું મુખ્ય કેન્દ્ર છે. ઉત્તર ગુજરાત યુનિવર્સિટી ખાતે આ પ્રકારની કોન્ફરન્સનું આયોજન થવું એ અહીના સ્થાનિક લોકો માટે અત્યંત પ્રેરણાદાયી અને પ્રોત્સાહક ગણાવ્યું હતું.

આ સેમિનારને નોલેજ કન્સોર્ટિયમ ઓફ ગુજરાત (KCG), ગુજરાત સ્ટેટ બાયોટેકનોલોજી મિશન (GSBTM), ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી (GUJCOST) તથા CSIR-INDIA નો વિશેષ સહયોગ મળી રહ્યો છે. આ પરિસંવાદનો મુખ્ય હેતુ વિજ્ઞાન, ફાર્માસ્યુટિકલ અને ડ્રગ ડિઝાઈનિંગ ક્ષેત્રે નૂતન સંશોધનો અને વિચાર–વિમર્શને પ્રોત્સાહન આપવાનો છે, જેથી ભવિષ્યમાં સંશોધકોને નવું માર્ગદર્શન મળી રહે.

ક્રિસ્ટલોગ્રાફી એન્ડ ડ્રગ ડિઝાઇન (NSCDD-53)'ના અંતિમ દિવસે ભવ્ય સમાપન સમારોહ યોજાયો હતો. ત્રણ દિવસ દરમિયાન સ્ફટિકવિજ્ઞાન, આધુનિક દવા સંશોધન, અણુસ્તરીય રચનાના અભ્યાસ અને આંતરવિષયક સંશોધનના વિવિધ પાસાઓ પર જ્ઞાનના આદાનપ્રદાનને પ્રાધાન્ય આપવામાં આવ્યું હતું. ગુજરાતમાં આશરે ૧૨ વર્ષના અંતરાલ બાદ આ પ્રકારના રાષ્ટ્રીય સેમિનારનું આયોજન થવું એ ઉત્તર ગુજરાતના શૈક્ષણિક અને સંશોધન ક્ષેત્ર માટે અતિ મહત્ત્વપૂર્ણ અને ગૌરવની ક્ષણ બની હતી. આ રાષ્ટ્રીય સેમિનારમાં સમગ્ર ભારતમાંથી આશરે ૪૭ જેટલા આમંત્રિત વક્તાઓ આવ્યા હતા, જેઓ દેશના સુવિખ્યાત ક્રિસ્ટલોગ્રાફર અને ડ્રગ ડિઝાઇનર્સ છે. જમ્મુ–કાશ્મીરથી લઈને કચ્છ સુધીના ૨૩૦ જેટલા વિદ્યાર્થીઓ અને સંશોધકોએ આમાં સક્રિય ભાગીદારી નોંધાવી હતી. સમય મર્યાદા હોવા છતાં ૩૭ ઓરલ પ્રેઝન્ટેશન અને ૧૩૦માંથી ૧૨૦ જેટલા પોસ્ટર પ્રેઝન્ટેશન રજૂ થયા હતા. શ્રેષ્ઠ દેખાવ કરનાર સંશોધકોને રોકડ પુરસ્કાર, મોમેન્ટો અને સર્ટિફિકેટ આપી પ્રોત્સાહિત કરાયા હતા. આ ઉપરાંત ઇન્ડિયન ક્રિસ્ટલોગ્રાફિક એસોસિએશન દ્વારા પ્રો. વિજયન એવોર્ડ અને પ્રો. આર. ચિદમ્બરમ એવોર્ડ પણ એનાયત કરવામાં આવ્યા હતા. આ સફળતા કોઈ એક વ્યક્તિની નથી પરંતુ સમગ્ર યુનિવર્સિટી પરિવારની એકતા અને મહેનતનું પરિણામ ગણાવી સૌનો આભાર વ્યક્ત કર્યો હતો.

કૉલેજ ન્યુઝ

ઉજવણી



❊ તા. ૨૯–૭–૨૦૨૬ના રોજ શ્રીમતી આર. આર. એચ. પટેલ મહિલા કૉલેજ વિજાપુરમાં ગુરુપૂર્ણિમાની ઉજવણી કરવામાં આવી હતી. કૉલેજની વિદ્યાર્થિનીઓએ કંકુ–તિલક કરી ગુરૂઓની પૂજા કરી. આ પ્રસંગે કોલેજના પ્રિ. ડૉ. સુરેશભાઇ પટેલે સમર્થ ગુરૂ એવા ચાણક્ય, દ્રોણાચાર્ય, પરશુરામ અને સાંદિપની ઋષિ વગેરેના ઉદાહરણ દ્વારા ગુરૂ શિષ્યના સંબંધોની વાત કરી ગુજરાતી વિભાગના અધ્યક્ષ ડૉ. મહેશભાઇ કટારીયાએ પણ રામકૃષ્ણ પરમહંસ જેવા ગુરૂ અને તેમની શિષ્ય પરંપરાની સમજ આપી હતી.



❊ શ્રી તિરૂપતી બાલાજી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ પાંથાવાડા ખાતે તા. ૨૯–૦૭–૨૦૨૬ના રોજ ગુરુપુર્ણિમા પર્વની ઉજવણી કરવામાં આવી હતી. પર્વ નિમિત્તે વકતૃત્વ અને ભજનનું આયોજન કરવામાં આવ્યું જેમાં ભાગ લેનાર વિદ્યાર્થીઓને સન્માનપત્ર આપવામાં આવ્યા હતાં. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રો. સેજલબેન જોશી તથા પ્રો. કમળાબેન ચૌધરી દ્વારા કરવામાં આવ્યું હતું.



❊ શ્રીમતી આનંદીબેન શંકરભાઈ ચૌધરી મહિલા આર્ટસ એન્ડ હોમ સાયન્સ કોલેજ, મહેસાણાના સાંસ્કૃતિક વિભાગ ‘ઉડાન’ અંતર્ગત ગુરૂપૂર્ણિમા દિવસની ઉજવણી કરવામાં આવી હતી. ટેક્નોલોજીના આ યુગ ‘Google’ ગુરુને મહત્ત્વ આપનાર આજે અરાજકતા, દેશ, હિંસા, આત્મહત્યા, મનનો અજપો, જેવા વિષમ વાતાવરણમાં ગુરુ વંદનાનો ઉત્સવ જીવનમાં વ્યાપેલા અંધકારને દૂર કરી પ્રકાશ તરફ દોરી જાય છે. જ્ઞાન તો ભીતરથી પ્રગટે છે અને તેના માટે સદ્‌ગુરૂ જ સમર્થ છે. આજના સમયે માતા–પિતા, મિત્રો, સમાજના આગેવાનો, પુસ્તકો અને સ્વયમનાં અનુભવો પણ ગુરૂ જ છે. ગુરુપૂર્ણિમાનો ઉત્સવ ગુરૂજનોને યાદ કરવાનો છે ગુરુ પ્રત્યે આભારી રહીએ અને તેમના આશીર્વાદથી જીવનમાં સફળ થઈ શકીએ તેવી આદર્શ વાતો કોલેજની વિદ્યાર્થિનીઓ જંગરાલા દિયા, રબારી સુહાના, પંચાલ પ્રિયા, પટેલ મૈત્રી અને પંચાલ આરતી તથા ડૉ. નરેન્દ્ર પટેલે કરી હતી. પ્રિ.ડૉ. સુનીતાબેન સુપહિયા તથા સ્ટાફ પરિવારે વ્યાસજીની પ્રતિમાને પુષ્પાહાર પહેરાવી ગુરૂ પૂજન કર્યું હતું.



❊ શ્રીમતી કે.કે. શાહ આર્ટ્સ એન્ડ શ્રીમતી એલ.બી. ગુંજારીયા કોમર્સ કોલેજ થરામાં તા. ૨૧–૦૭–૨૦૨૬નાં રોજ IQAC વિભાગ હેઠળ ગુજરાતી વિભાગ તથા કૉલેજ ગ્રંથાલયના સયુંક્ત ઉપક્રમે આયોજિત ગુજરાતી સાહિત્યનાં મુર્ધન્ય કવિશ્રી ઉમાશંકર જોષીની જન્મજયંતિ નિમિત્તે પુસ્તક પ્રદર્શન, કાવ્યગોષ્ઠી અને ચર્ચા કાર્યક્રમ યોજાયો. આ કાર્યક્રમની પ્રારંભે પ્રિ.ડૉ. ડી.એસ. ચારણે વિદ્યાર્થીઓને ઉમાશંકર જોષીનાં જીવનઝરમર વિશે માહિતગાર કરી સાહિત્ય જીવનની સમીક્ષા છે તે વિધાનને સાર્થક કરેલ. અને કોમર્સ વિભાગના અધ્યક્ષ ડૉ. ડી. ડી. ઝાલાએ ઉમાશંકર જોષીનાં કવિ તરીકેના પાસાઓ વિશે વાત કરી અને તેમની બહુમુખી પ્રતિભા ઉપર પ્રકાશ પાડ્યો હતો. તથા ગુજરાતી વિભાગના અધ્યક્ષ ડૉ. મયંકભાઈ એમ. જોષીએ કવિ ઉમાશંકર જોષીના વ્યક્તિત્વને આલેખી બામણા જેવાં નાનકડા ગામથી વિશ્વ સ્તરે પહોંચેલા કવિના ઉત્કૃષ્ટ પ્રદાનને આલેખી તે સંદર્ભે વિદ્યાર્થીઓને માહિતગાર કરેલ. સાથે ગ્રંથાલય વિભાગનાં ગ્રંથપાલશ્રીનાં માર્ગદર્શન હેઠળ કવિ ઉમાશંકર જોષીનાં પુસ્તકોનું પ્રદર્શન યોજવામાં આવ્યું. જેમાં કૉલેજના વિદ્યાર્થીઓ સાથે અધ્યાપક મિત્રો પણ ઉપસ્થિત રહ્યાં હતાં.



❊ સરકારી વિનયન કોલેજ, ભાભર ખાતે તા. ૨૯–૦૭–૨૦૨૬ના રોજ ભારતીય સંસ્કૃતિના પવિત્ર અને પ્રેરણાદાયી પર્વ

ગુરુપૂર્ણિમા નિમિત્તે કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓમાં ગુરુ પ્રત્યે આદર, કૃતજ્ઞતા અને ભારતીય ગુરુ–શિષ્ય પરંપરાના મૂલ્યોનું સંવર્ધન કરવાનો હતો. કાર્યક્રમની શરૂઆત મા સરસ્વતીની પ્રાર્થના સાથે કરવામાં આવી હતી. ત્યારબાદ મહર્ષિ વેદવ્યાસજીના ચિત્રનું પૂજન તથા પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી. સાથે જ મહાભારત પૂર્વ અને શ્રીમદ્ ભાગવત મહાપુરાણના ગ્રંથનું વિધિવત્ પૂજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે વિદ્યાર્થીઓ દ્વારા પોતાના ગુરુજનોનું ગુરુપૂજન પણ કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓએ શ્રદ્ધાભાવપૂર્વક ગુરુજનોને તિલક કરી પુષ્પ અર્પણ કરીને તેમના આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા. ગુરુપૂજનના આ પવિત્ર પ્રસંગે સમગ્ર વાતાવરણ ભક્તિમય અને ભાવવિભોર બની ગયું હતું. કાર્યક્રમના મુખ્ય વક્તા તરીકે કોલેજના આચાર્યશ્રીએ પોતાના વક્તવ્યમાં 'ગુરુ' શબ્દનો સાચો અર્થ, ગુરુનું જીવનમાં સ્થાન, મહર્ષિ વેદવ્યાસજીના અદ્વિતીય સાહિત્યિક અને આધ્યાત્મિક યોગદાન, ગુરુપૂર્ણિમા પર્વનું સાંસ્કૃતિક તથા આધ્યાત્મિક મહત્ત્વ તેમજ આધુનિક યુગમાં ગુરુની બદલાતી ભૂમિકા અંગે વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું.



❊ શામળાજી ખાતે જ્ઞાનપીઠ વિજેતા કવિશ્રી ઉમાશંકર જોશીની જન્મજયંતિ નિમિત્તે વિશેષ સાહિત્યિક પ્રકલ્પ સંપન્ન તા–૨૧–૭–૨૦૨૬ના રોજ શ્રી કે.આર. કટારા આર્ટ્સ કોલેજ, શામળાજીના ગુજરાતી વિભાગ દ્વારા સંસ્કૃતિપુરુષ, જ્ઞાનપીઠ પુરસ્કાર વિજેતા અને 'શીલભદ્ર સારસ્વત' કવિશ્રી ઉમાશંકર જોશીની જન્મજયંતિ નિમિત્તે એક ગરિમાપૂર્ણ અને રસપ્રદ સાહિત્યિક કાર્યક્રમનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના ગુજરાતી વિભાગના અધ્યક્ષ દલજી સાહેબ અને ગાવિત સાહેબે કવિશ્રીના જીવન–કવન, તેમના વિચારજગત અને ગુજરાતી સાહિત્યમાં તેમના અનન્ય પ્રદાન વિશે વિદ્યાર્થીઓને ખૂબ જ માર્મિક અને પ્રેરણાદાયી શૈલીમાં માહિતગાર કર્યા હતા. કાર્યક્રમ દરમિયાન સાહિત્યિક વાતાવરણ ત્યારે વધુ જીવંત બન્યું જ્યારે વિદ્યાર્થીઓએ કવિશ્રીની અમર રચનાઓ 'ભોમિયા વિના મારે ભમવા તા ડુંગરા' અને 'મળતા મળી ગઈ મોંઘેરી ગુજરાત'નું મધુર કાવ્યગાન કર્યું હતું. આ સાથે જ કવિશ્રીના પ્રસિદ્ધ પદ્યનાટક 'પ્રાચીના' વિશે લોકપ્રિય વાર્તાઓ 'મારી ચંપાનો વર' તથા 'ગુજરીની ગોદડી' વિશે સચોટ રજૂઆત કરી હતી. ઉપરાંત, કવિશ્રીના એકાંકીસંગ્રહ 'સાપના ભારા'ના એકાંકીઓની વિદ્યાર્થીઓ દ્વારા અત્યંત સુંદર અને ભાવવાહી રજૂઆત કરવામાં આવી હતી. કાર્યક્રમના અંતે કોલેજની લાયબ્રેરીમાં કવિશ્રી ઉમાશંકર જોશીના વિવિધ પુસ્તકોનું વિશેષ પ્રદર્શન યોજાયું હતું.



❊ એમ.એ. પરીખ ફાઇન આર્ટ્સ એન્ડ આર્ટ્સ કૉલેજ પાલનપુરમાં ગુરુપૂર્ણિમા પર્વની ઉજવણી કરવામાં આવી હતી. ગુરુપૂર્ણિમા પર્વ નિમિત્તે સંગીત વિભાગના વિદ્યાર્થીઓએ ગુરુ વંદના અભિવ્યક્ત કરતા ભજન, ગીત અભિવ્યક્ત કર્યા. આ કાર્યક્રમમાં અધ્યક્ષ સ્થાને કોલેજના પ્રિ. ડૉ. રમેશકુમાર બી. પટેલે જીવનમાં ગુરુની મહત્તા વિશે મનનીય વિચારો અભિવ્યક્ત કર્યા હતા. ઋતુબેન, મીર સમીટ, નિતેશ સેનમા, દિયા ચૌધરી, નિરાલી ચૌહાણ ભાવિક બારોટ, વિષ્ણુ દેસાઈ, મમતા પ્રજાપતિ, વિદ્યાર્થીઓએ મધુર સંગીતની સૂરાવલી રેલાવી હતી. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા સંગીત વિભાગના પ્રા. રજત મહેતાએ ભારે જહેમત ઉઠાવી હતી.



❊ રાધનપુર કોલેજમાં પ્રિ. ડૉ. સી.એમ. ઠક્કરના અધ્યક્ષસ્થાને અને માર્ગદર્શન હેઠળ ગુરુપૂર્ણિમા મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શુભ શરૂઆત ડૉ. સુરેશ ઓઝાએ પ્રાર્થના દ્વારા કરી હતી. ત્યારબાદ પ્રિ. ડૉ. સી.એમ. ઠક્કરે પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યું હતું અને આજના પવિત્ર પર્વનું મહત્વ વિદ્યાર્થીઓને સમજાવ્યું હતું. આપણા જીવનને ઘડવામાં માતા–પિતા અને શિક્ષકો (ગુરુ)નું યોગદાન સૌથી મોટું છે એ વાત વિદ્યાર્થીઓને સમજાવી હતી. કોમર્સ વિભાગના અધ્યાપક ડૉ. ચિરાગ વી. રાવલ અને સંસ્કૃત વિભાગના અધ્યાપક ડૉ. બલાભાઈ રબારીએ વક્તા તરીકે ગુરુપૂર્ણિમા અને ગુરુના મહત્ત્વ વિશે અદ્‌ભુત વ્યાખ્યાન આપ્યું હતું.

એન.એસ.એસ.



❊ શ્રી વી.આર. પટેલ કૉલેજ ઓફ કોમર્સ, મહેસાણામાં પ્રિ. ડૉ. જે.કે. પટેલના માર્ગદર્શન હેઠળ પ્રથમ વર્ષ બી.કોમ.ના વિદ્યાર્થી ભાઈ–બહેનો માટે ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી ગુજરાત રાજ્ય શાખા અમદાવાદ તથા એન.એસ.એસ. દ્વારા થેલેસેમિયા ટેસ્ટનું આયોજન

કરવામાં આવ્યું હતું. આ ટેસ્ટ માટે ઇન્ડિયન રેડક્રોસ સોસાયટી, અમદાવાદથી કૉ–ઓર્ડીનેટર નિલેશ ભારતીયન, સંજયભાઇ અને ભરતભાઇએ વિદ્યાર્થીઓના ટેસ્ટ કર્યા હતા.



❊ સાયન્સ એન્ડ કોમર્સ કોલેજ, સતલાસણામાં સ્વચ્છતા પખવાડિયા કાર્યક્રમ અંતર્ગત વિદ્યાર્થીઓ અને સ્ટાફના સહયોગથી સ્વચ્છતા અભિયાનનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનો મુખ્ય હેતુ સ્વચ્છતા અંગે જાગૃતિ ફેલાવવાનો તેમજ સ્વચ્છ અને સ્વસ્થ પરિસર જાળવવા માટે સૌને પ્રેરિત કરવાનો હતો. કાર્યક્રમની શરૂઆત સ્વચ્છતા પ્રતિજ્ઞા સાથે કરવામાં આવી હતી. ત્યારબાદ વિદ્યાર્થીઓએ કોલેજના વર્ગખંડો, રમતગમત મેદાન તેમજ સમગ્ર કેમ્પસમાં સફાઈ અભિયાન હાથ ધર્યું હતું. પ્લાસ્ટિક સહિતના કચરાનું યોગ્ય રીતે એકત્રિકરણ કરવામાં આવ્યું હતું તેમજ ભીના અને સુકા કચરાના અલગ સંગ્રહ અંગે વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ પ્રસંગે પ્રાધ્યાપકોએ સ્વચ્છતા, આરોગ્ય અને પર્યાવરણ સંરક્ષણના મહત્વ વિશે વિદ્યાર્થીઓને માહિતગાર કર્યા હતા. વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક કાર્યક્રમમાં ભાગ લઇ ભવિષ્યમાં પણ કોલેજ તથા આસપાસના વિસ્તારને સ્વચ્છ રાખવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો.

એન.સી.સી.



❊ એમ.એમ. ચૌધરી આર્ટ્સ કૉલેજ રાજેન્દ્રનગરના એનસીસી વિભાગના પ્રા. ડૉ. રમેશ આર. પટેલ અને પ્રા. ડૉ. અનીતાબેન રાઠવાએ કૉલેજના ઉત્સાહી પ્રિ. ડૉ. પ્રવીણભાઇ ચૌધરીના માર્ગદર્શન હેઠળ તા. ૨૬–૭–૨૦૨૬ના રોજ ૩૪ ગુજરાત બટાલિયન હિંમતનગરથી આવેલ પીઆઈ સ્ટાફ દ્વારા કારગીલ વિજય દિવસ (કેડેટ્સમાં રાષ્ટ્રપ્રેમ જાગૃત કરવાના ભાગ રૂપે અને એક પેડ મા કે નામ વધુમાં વધુ વૃક્ષો વાવવાની જાગૃતિના ભાગ રૂપે) પ્રોગ્રામ યોજાયો જેમાં કુલ ૩૫ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો અને એનસીસીની નવી ભરતી થનાર વિદ્યાર્થિનીઓને શુભેચ્છા પાઠવી હતી.

કાર્યક્રમ



❊ એમ.એમ. ચૌધરી આર્ટ્સ કોલેજ, રાજેન્દ્રનગર જિલ્લો સાબરકાંઠાના એન.સી.સી. વિભાગ અને ઇકો ક્લબના સહયોગથી તા. ૩૦–૭–૨૦૨૬ના રોજ પ્રિ.ડૉ. પ્રવીણભાઈ વી. ચૌધરીના માર્ગદર્શન હેઠળ એનસીસી વિભાગના પ્રા. ડૉ. આર.આર. પટેલ અને પ્રા. ડૉ. અનીતાબેન રાઠવા 'એક પેડ માં કે નામ' પ્રોગ્રામ થકી એનસીસી, એન.એસ.એસ. અને સ્પોર્ટ્સના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ કાર્યક્રમને સફળ બનાવવામાં ઇતિહાસ વિભાગ અને ઇકોક્લબ સંયોજક પ્રા.રમેશભાઇ ચૌધરીએ ખુબ જ પ્રશંસનીય કામગીરી બજાવતા સંસ્થાના માનનીય પ્રમુખશ્રી રમેશભાઇ એમ. ચૌધરીએ અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવી હતી.



❊ સી.એન. આર્ટ્સ એન્ડ બી.ડી. કોમર્સ કૉલેજ, કડીના એન.એસ.એસ. અને એન.સી.સી. વિભાગ દ્વારા અને આર.ટી.ઓ. મહેસાણાના સહયોગથી વિદ્યાર્થીઓમાં માર્ગ સુરક્ષા અંગે જાગૃતિ લાવવાના હેતુથી ટ્રાફિક અવેરનેસ અને રોડ સેફટી–વિષયક જાગૃતિ કાર્યક્રમનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં આરટીઓ કચેરી મહેસાણાથી મુખ્ય મહેમાન તરીકે શ્રી પી.કે. લીંબાચીયા (ઇન્સ્પેક્ટર ઓફ મોટર વ્હીકલ) અને શ્રી યુ.ડી. ત્રિવેદી (આસિસ્ટન્ટ ઇન્સ્પેક્ટર ઓફ મોટર વ્હીકલ) ખાસ ઉપસ્થિત રહ્યા હતા. જેમણે પી.પી.ટી. અને વિડીયોના માધ્યમથી વિદ્યાર્થીઓને ટ્રાફિકના નિયમોનું પાલન, હેલ્મેટ અને સીટ બેલ્ટના ફરજિયાત ઉપયોગ, વાહન ચલાવતી વખતે મોબાઇલનો ઉપયોગ ન કરવા, નિર્ધારિત ગતિમર્યાદાનું પાલન કરવા, ઝેબ્રા ક્રોસિંગનો યોગ્ય ઉપયોગ કરવા તેમજ નશાની હાલતમાં વાહન ન ચલાવવા અંગે અને સંપૂર્ણ લાયસન્સ પ્રક્રિયા અંગે વિગતવાર માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

આ પ્રસંગે માર્ગ અકસ્માતો ઘટાડવા માટે દરેક નાગરિકની જવાબદારી અંગે ભાર મૂકવામાં આવ્યો અને વિદ્યાર્થીઓને પોતાના પરિવાર તેમજ સમાજમાં પણ માર્ગ સુરક્ષાનો સંદેશ પહોંચાડવા અનુરોધ કરવામાં આવ્યો હતો.



❊ એમ. એ. પરીખ ફાઇન આર્ટ્સ એન્ડ આર્ટ્સ કૉલેજ, પાલનપુર ખાતે નવા વિદ્યાર્થીઓના સ્વાગતાર્થે ફ્રેશર્સ પાર્ટી–૨૦૨૬નું રંગારંગ આયોજન કરવામાં આવ્યું હતું. પ્રિ. ડૉ. આર. બી. પટેલે વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવતાં જણાવ્યું હતું કે કોલેજ જીવન માત્ર શૈક્ષણિક અભ્યાસ પૂરતું મર્યાદિત નથી, પરંતુ વ્યક્તિત્વ વિકાસ, નેતૃત્વ, સર્જનાત્મકતા અને સામાજિક જવાબદારીના ઘડતરનું મહત્વપૂર્ણ માધ્યમ છે. તેમણે નવા વિદ્યાર્થીઓને અભ્યાસની સાથે વિવિધ સહઅભ્યાસિક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં સક્રિયપણે જોડાવા અનુરોધ કર્યો હતો. કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓએ સંગીત, નૃત્ય, રમૂજી રજૂઆતો, પ્રતિભા પ્રદર્શન તેમજ વિવિધ મનોરંજક સ્પર્ધાઓ દ્વારા સૌનું ભરપૂર મનોરંજન કર્યું હતું.



❊ શ્રી વી.આર. પટેલ કૉલેજ ઓફ કોમર્સ, મહેસાણામાં પ્રિ.ડૉ. જે.કે. પટેલના માર્ગદર્શન હેઠળ બી.કોમ. સેમ–૧ની ભાગ લીધેલ. ૧૪૦ વિદ્યાર્થિનીઓને CWDC દ્વારા આયોજિત સ્વરક્ષા તાલીમ શિબિરમાં પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા હતા. તાલીમ દરમિયાન વિદ્યાર્થિનીઓને સ્વરક્ષાની વિવિધ ટેકનિક્સ, પંચિંગ, કિકિંગ, બ્લોકિંગ તેમજ બ્રેકિંગ જેવી પ્રાયોગિક તાલીમ આપવામાં આવી હતી. તાલીમ દીપકભાઈ ચાવલા અને જાવેદભાઈ પઠાણ દ્વારા આપવામાં આવી હતી. શિબિરના સમાપન સમારોહમાં મુખ્ય અતિથિ તરીકે શ્રી વી.ડી. પટેલ, પ્રિન્સિપાલ, આર્ટ્સ કોલેજ, નાગલપુર, શ્રી કેતનભાઈ ઘીવાલા, ઘીવાલા ઇન્સ્ટિટ્યૂટ, શ્રી દીપકભાઈ, સુરક્ષા સેતુ સોસાયટી પ્રોજેક્ટ કન્સલ્ટન્ટ, પી.સી. પ્રિયંકાબેન તેમજ પ્રિન્સીપાલશ્રી અને અધ્યાપકો ઉપસ્થિત રહ્યા હતા.



❊ શ્રી બી.પી. બ્રહ્મભટ્ટ આર્ટ્સ એન્ડ એમ.એચ. ગુરુ કોમર્સ કોલેજના સક્રિય એનસીસી વિભાગના કેડેટ્સ તથા કેર ટેકર ઑફિસર ડૉ. પ્રીતિ લવકેશ પટેલ દ્વારા નગરમાં આગામી દિવસોમાં આવનાર દશામાં વ્રત તેમજ ગણેશોત્સવ દરમિયાન પીઓપીમાંથી બનેલ મૂર્તિઓના વેચાણ પર પ્રતિબંધ લાદવા તથા પર્યાવરણની જાળવણી હેતુ મામલતદાર ઓફિસ, નગરપાલિકા તેમજ પોલીસ સ્ટેશનમાં તમામ અધિકારીશ્રીઓને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. સાથે સાથે કેડેટ્સ દ્વારા લોકસંપર્ક સાધી લોકોને પર્યાવરણનું જતન કરવા તેમજ તેને નુકશાનકર્તા પીઓપીમાંથી બનાવેલ મૂર્તિઓની ખરીદી રોકવા માટે જાગૃત કરવાની પ્રતિજ્ઞા લેવડાવી હતી.

તાલીમ



❊ શ્રીમતી કે.કે. શાહ આર્ટ્સ અને શ્રીમતી એલ.બી. ગુંજારિયા કોમર્સ કોલેજ, થરા ખાતે તા. ૨૭–૦૭–૨૦૨૬ના રોજ ફિનિશિંગ કોર્ષ તાલીમ વર્ગનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું. પ્રિ.ડૉ. ડી.એસ. ચારણે ફિનિશિંગ કોર્ષનું મહત્ત્વ સમજાવતાં જણાવ્યું કે, આજના સ્પર્ધાત્મક યુગમાં માત્ર શૈક્ષણિક જ્ઞાન પુરતું નથી, પરંતુ વ્યક્તિત્વ વિકાસ. સંવાદ કૌશલ્ય અને વ્યવસાયિક કુશળતાઓ પણ એટલી જ જરૂરી છે. તેમણે વધુમાં વધુ વિદ્યાર્થીઓ આ કોષમાં જોડાઈ તેનો લાભ લે તેવી પ્રેરણા આપી હતી. આ તાલીમ કુલ ૨૦ દિવસ સુધી ચાલશે અને વિવિધ મોડ્યુલમાં વિભાજિત કરવામાં આવી છે. જેમાં મોડ્યુલ–૧ અને મોડ્યુલ–૨ માટે જયેશભાઇ દેસાઇ ટ્રેનર તરીકે સેવા આપશે. તેઓ વિદ્યાર્થીઓને ઇંગ્લીશ કોમ્યુનિકેશન તેમજ સ્પીકીંગ સ્કીલ્સ અંગે કુલ ૧૦ દિવસ સુધી પ્રાયોગિક અને અસરકારક તાલીમ આપશે, જેથી વિદ્યાર્થીઓનો આત્મવિશ્વાસ વધે અને રોજગાર ક્ષમતા મજબૂત બને. કાર્યક્રમના કો–ઓર્ડિનેટર ડૉ. નીતેશ પટેલ દ્વારા કોર્ષની રૂપરેખા, તાલીમના ઉદ્દેશો તથા વિવિધ મોડ્યુલોની માહિતી વિદ્યાર્થીઓને આપવામાં આવી હતી.



❊ એમ.એમ. ચૌધરી આર્ટ્સ કૉલેજ, રાજેન્દ્રનગરના ઇતિહાસ વિભાગના પ્રા. ડૉ. રમેશ આર. પટેલે તા. ૨૧–૭–૨૦૨૬ના રોજ કે.સી.જી. અમદાવાદ દ્વારા આયોજીત Capacity Building Program Training Mentors For Startap & Innovation Ecosystem પ્રોગ્રામમાં વિદ્યાર્થી ચૌહાણ વ્રજ અને કટારા ચિરાગને સાથે રાખી પ્રોત્સાહિત કર્યા હતાં.

વર્કશોપ



❊ શ્રી ક્રિષ્ના આર્ટ્સ કૉલેજ, લાખણીમાં એન.એસ.એસ. એકમના સૌજન્યથી જ્ઞાનસત્ર વ્યાખ્યાનમાળા અંતર્ગત કાનૂની માર્ગદર્શન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં આગથળા પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સ્પેક્ટર એમ.બી. રાઠોડે વિદ્યાર્થીઓને ભારતીય કાનૂની વ્યવસ્થાનો પરિચય કરાવ્યો હતો. તેમણે સાયબર ક્રાઇમ, સોશિયલ મીડિયાની જવાબદારીપૂર્વક ઉપયોગ, મહિલા સુરક્ષા, ટ્રાફિક નિયમો, નશાબંધી, વિવિધ પ્રકારના ગુનાઓથી બચવાના ઉપાયો તેમજ નાગરિક તરીકેના અધિકારો અને ફરજો અંગે સરળ અને રસપ્રદ રીતે માર્ગદર્શન આપ્યું હતું. તેમણે વિદ્યાર્થીઓને કાયદાનું પાલન કરી જવાબદાર અને જાગૃત નાગરિક બનવા માટે પ્રેરણા આપી હતી.



❊ હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણના ડિપાર્ટમેન્ટ ઓફ સોશિયલ વર્ક તથા પર્યાવરણ મિત્ર સંસ્થાના સંયુક્ત ઉપક્રમે તા. ૩૦ જુલાઈ, ૨૦૨૬ના રોજ આયોજિત Climate Catalyst Summit 3.0 અંતર્ગત યોજાયેલા વર્કશોપમાં શ્રી સાર્વજનિક BSW/MSW કોલેજ, મહેસાણાની વિદ્યાર્થિનીઓએ પર્યાવરણ સંબંધિત વિવિધ મુદ્દાઓ પર અસરકારક પાવરપોઈન્ટ પ્રેઝન્ટેશન રજૂ કરીને પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું હતું. આ સાથે કોલેજને Certificate of Recognition તથા પ્રતિષ્ઠિત Best Performing Team Award થી સન્માનિત કરવામાં આવી હતી. આ વર્કશોપનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓમાં આબોહવા પરિવર્તન, પર્યાવરણીય પડકારો અને તેના સ્થાનિક તેમજ વ્યવહારુ ઉકેલો અંગે જાગૃતિ કેળવવાનો તેમજ ભવિષ્યમાં ટકાઉ વિકાસ માટે જવાબદાર અભિગમ વિકસાવવાનો હતો.



❊ શ્રી ત્રિકમજીભાઈ ચતવણી આર્ટ્સ એન્ડ જે.વી.ગોકુળ ટ્રસ્ટ કોમર્સ કૉલેજ, રાધનપુરમાં પ્રિ. ડૉ.સી.એમ.ઠક્કરના અધ્યક્ષ સ્થાને તેમજ માર્ગદર્શન હેઠળ તા. ૩૦-૬-૨૦૨૬ ના રોજ એન્ટી રેગિંગ અવરનેસ પ્રોગ્રામ અંગે વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમની શરૂઆતમાં પ્રિન્સીપાલશ્રીએ પ્રાસંગિક ઉદ્‌બોધન કરેલ અને કોલેજમાં એન્ટી રેગિંગનું પ્રમાણ વધતું ગયું તે અંગેની માહિતી વિદ્યાર્થીને આપી હતી તેમજ તે અંગે જાગૃત કર્યા હતા. ત્યારબાદ વક્તા તરીકે ગુજરાતી વિભાગના અધ્યાપિકા અને કો-ઓર્ડીનેટર ડૉ. કુંજલબેન બારોટે એ એન્ટી રેગિંગના પ્રકારો, અસરો સજા, કાયદા અને હેતુની સમજણ PPT દ્વારા આપી હતી. આ કાર્યક્રમનું સંચાલન અને આભારવિધિ ડૉ. ચિરાગ રાવલે કરી હતી.

સેમિનાર



❊ શ્રીમતી આનંદીબેન શંકરભાઈ ચૌધરી મહિલા આર્ટ્સ એન્ડ હોમ સાયન્સ કોલેજ, મહેસાણાના અંગ્રેજી વિભાગ દ્વારા 'કેલિગ્રાફી ફરીફાઈ'નું આયોજન વિભાગના અધ્યક્ષા ડૉ. આરતીબેન ખીદરીના માર્ગદર્શનથી કરવામાં આવ્યું હતું. જેમાં પ્રથમ નંબરે શ્રુતિ ચૌધરી દ્વિતીય જાનવી મકવાણા અને તૃતીય પૂજા વર્મા વિજેતા થયા હતાં.

સબરસ

પત્ની : લાગે છે કે હું મરી જઈશ.
પતિ : તો હું પણ મરી જઈશ.
પત્ની : હું તો બીમારીથી મરી જઈશ પણ તમે કેમ?
પતિ : હું ખુશીથી મરી જઈશ.

HNGU
HEMCHANDRACHARYA NORTH GUJARAT UNIVERSITY, PATAN
Hemchandracharya North Gujarat University, Patan
P.B.21, University Road, Patan - 384265 • Phone : +91 2766 237000, 220932, 230529 • Visit us at : www.ngu.ac.in • Email : udichyahngu@gmail.com
Editor : Dr. Rajanikant Patel (University Librarian)
Published by : Dr. R.N. Desai, Registrar, H.N.G.U., Patan.
Printed by : Vinod Printery, Nr. Three Gate, Patan. • Mo. 9898576011
R.N.I. No. 48820/90, Valid up to 31-12-2026, Posting Reg. No. PATAN/008/2024-26, Office of Posting: PATAN H.P.O
વ્યક્તિગત વાર્ષિક લવાજમ રૂા. ૨૦૦/- કૉલેજનું વાર્ષિક લવાજમ રૂા. ૬૦૦/-